૭૦ ટકાથી ઓછો બુધ્ધિઆંક ધરાવતી વ્યક્તિઓના સહાયકને એસ.ટી.બસના ભાડામાં ૧૦૦ ટકા રાહત આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૩/૭૪૩૭૮૩/ન.બા.૪/છ-૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ :- ૩૧/૭/૨૦૧૪.

<u>વંચાણે લીધા:-</u>

(૧) આ વિભાગના તા. ૧/૭/૧૯૯૮ ના ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૯૬/૨૭૯/છ

(૨) આ વિભાગના તા. ૨૦/૬/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક:- અપગ૧૦૨૦૦૩/૧૬૬/છ-૧

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીનો તા.૨૮/૧૦/૨૦૧૩નો પત્ર ક્ર- સસુખા/યજન/ન.બા.-૨૦૧૩-૧૪/૨૫૦

**ઠરાવ :-**

૭૦ ટકા કે તેથી ઓછો બુધ્ધિ આંક ધરાવતી મંદબુધ્ધિવાળી વ્યક્તિઓને સંપૂર્ણપણે મફત મુસાફરી તથા તેમના સહાયકને એસ.ટી. બસના ભાડામાં ૫૦ ટકા રાહત આપવામાં આવે છે. આવી મંદબુધ્ધિવાળી વ્યક્તિઓ અભ્યાસ, સારવાર તથા હરવા ફરવાની બાબતમાં ઘણી મુશ્કેલીઓ અનુભવતા હોય છે. આથી, મંદબુધ્ધિવાળી વ્યક્તિઓના સહાયકને હાલ એસ.ટી. બસ ભાડામાં જે ૫૦ ટકા રાહત આપવામાં આવે છે તેને વધારીને ૧૦૦ ટકા રાહત આપવાની બાબત વિચારણામાં હતી. જે અન્વયે ૭૦ ટકાથી ઓછો બુધ્ધિ આંક ધરાવતી વ્યક્તિઓના સહાયકને પણ એસ.ટી. બસમાં ૧૦૦ ટકા રાહત આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આ બાબતને નીચેની શરતોએ સરકારશ્રીની વહીવટી મંજૂરી આપવામાં આવે છે :-

(૧) આ નવી સેવાનો સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં (અં.પ્ર.નં.-૨૪-૧, પૃ.૧૬૩) સમાવેશ થયેલ છે. જેમાં નાણા વિભાગ દ્વારા રૂ.૧૧૨૧.૨૫ લાખની રકમની મંજૂરી આપવામાં આવેલ હોવાનું દર્શાવેલ છે, પરંતુ વાસ્તવમાં નાણા વિભાગ દ્વારા ઉક્ત રકમમાં સુધારો કરીને રૂ.૯૩,૪૩,૭૩૬/-ની રકમની મંજૂરી આપવામાં આવેલ છે, જે સુધારો સરતચૂકથી બજેટ બુકમાં લેવાનો રહી ગયેલ છે.આમ, નાણા વિભાગ દ્વારા રૂ.૯૩.૪૪ લાખની રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હોઈ, આ નવી બાબતમાં તેટલી રકમની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) આ દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના અન્વયે નિયત કરેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૧/૭/૨૦૧૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.મોદી)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.....બહોળી પ્રસિધ્ધિ કરવાની વિનંતી સાથે.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી,બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ. (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર મારફતે)

(૭) વાહન વ્યવહાર કમિશ્નરશ્રી, બ્લોક નં-૬, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૯) સર્વે જિલ્લા હિસાબ અને તિજોરી અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ.

(૧૦) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૧૧) નાણા સલાહકારશ્રી, (સા.ન્યા. અને અધિ.વિભાગ,) બ્લોક નં.-૧૪, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સેકશન અધિકારીશ્રી, બજેટ / શાખા,છ-શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,

(૧૩) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર.. વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૪) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.